# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫001

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


પ્રાથમિક/પરિપત્ર/૨૦૨૫/ ૬૭૫૦ તા.૭/૦૮/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેર અને જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ,

સુરત, જિલ્લો-સુરત.

૨/- ઉક્ત પત્રની જાણ તથા અમલવારી થવા સારું.

ભગીરથસિંહ એસ. પરમાર

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત, જિ. સુરત.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, બ્લોક નં. ૫, આઠમો માળ,

ગાંધીનગર – ૩૮૨૦૧૦

ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૧૩, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨૫૧૩૪૭

---

પત્ર ક્રમાંક: ED/MIS/e-file/3/2024/2289/CH

પ્રતિ,

નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
વિધા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,
ગાંધીનગર.

વિષય ધોરણ-૧ કે તેનાથી ઉપલા ધોરણનો અભ્યાસ પૂર્ણ કરી આંતરરાજ્ય સ્થળાંતરીત થઇને આવેલ વિધાર્થીઓને school leaving certificate પ્રમાણે ઉપલા ધોરણમાં પ્રવેશ આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના આપની કચેરીના તા.૨૦/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંક DPE/RTE/e-file/105/2024/5776/RTE થી કરેલ દરખાસ્ત અન્વયે જણાવવાનું કે, આંતરરાજ્ય સ્થળાંતર બાદ school leaving certificate પ્રમાણે ધોરણ-2માં પ્રવેશ બાબતે શ્રી રસીત ચૌધરીને અગાઉના સમાન કિસ્સામાં અત્રેના સમાનાકી પત્રક્રમાંક પર કાયદા વિભાગના પરામર્શમાં માર્ગદર્શન આપેલ છે. તે મુજબ શ્રી રસીત ચૌધરીને ધોરણ -૨ માં પ્રવેશ અંગેની જરૂરી કાર્યવાહી કરવા અંગે મંજુરી આપવામાં આવે છે. અને .આ ઉપરાંત ભવિષ્યમાં આવા સમાન કિસ્સામાં પણ અગાઉ આપેલ કાયદા વિભાગના માર્ગદર્શન મુજબ આવા સમાન કેસોનો નિકાલ નીચે મુજબ કરવા વિનંતી છે.

દરેક બાળકને શિક્ષણ મળી રહે તે માટે રાજય અને કેન્દ્ર સરકાર કટીબદ્ધ છે તયારે ઉકત વિગતે, અન્ય રાજયમાંથી વિધાર્થી ધોરણ -૧ કે તેનાથી ઉપરનું ધોરણ પૂર્ણ કરીને સ્થળાંતરીત થઇને ઉપરના ધોરણમાં પ્રવેશ માટે ગુજરાત રાજયમાં આવેલ શાળામાં પ્રવેશની માંગણી કરે ત્યારે તેને વિના વિલંબે સમયસર પ્રવેશ આપી શકાય તે માટે જિલ્લા કક્ષાએ એટલે કે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કક્ષાએથી પ્રવેશ અંગે નિર્ણય થાય તે વધુ ઉચિત રહેશે, આથી માન્ય રહે આવા આંતર રાજય સ્થળાંતરીત કેસોમાં વિધાર્થીને રાજયની શાળામાં પ્રવેશ આપવા બાબતેની કામગીરી માટે આપની કક્ષાએથી વિગતવાર સુચના નીચેની વિગતો આવરી લઇ પ્રસિદ્ધ કરવાની રહેશે.

(૧) આંતર રાજ્ય સ્થળાંતરીત વિધાર્થી ધોરણ -૧ કે તેનાથી ઉપરનું ધોરણ પૂર્ણ કરીને ગુજરાત રાજયની શાળામાં પ્રવેશ અંગે માંગણી કરે ત્યારે આ વિધાર્થીએ ધોરણ -૧ માં પોતાના રાજયની શાળામાં બાળકના ધોરણ-૧ માં પ્રવેશ અંગેની ઉમર અંગેની જે જોગવાઇ નિયત થયેલ છે, તે મુજબ તેને ધોરણ -૧ માં પ્રવેશ મેળવીને પૂર્ણ કરેલ છે કે કેમ? તે અંગેની ખરાઇ કરવાની રહેશે.

(૨) સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ આવા કેસોનો નિકાલ પોતાને રજુઆત/અરજી લેખિતમાં મળ્યેથી મહતમ દિન-૧૫ ની સમય-મર્યાદામાં આખરી નિર્ણય કરવાનો રહેશે.

ઉપરોક્ત વિગતો આવરી લેતી વિગતવાર સુચનાઓ આપની કક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી અને અન્ય સબંધિત અધિકારી તથા શાળાઓને પરીપત્રિત કરવા આજ્ઞાનુસાર વિનંતી છે,

આપનો વિશ્વાસુ

(આશિષ ચૌધરી)
ઉપસચિવ

File No: ED/MIS/e-file/3/2024/2289/CH - Primary Education-2
Approved By: Principal Secretary,Primary Education and Secondary Ed

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ટોચ અગ્રતા
**E-MAIL**

DPE/RTE/e-file/105/2024/5776/RTE
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં .૧૨/ ૧,ડૉ.જી.મ.ભવન,ગુ.રા.ગાંધીનગર,

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ
- શાસનાધિકારીશ્રી,
  નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

**વિષય-** ધોરણ-૧ કે તેનાથી ઉપલા ધોરણનો અભ્યાસ પૂર્ણ કરી આંતરરાજ્ય સ્થળાંતરીત થઈને આવેલ વિદ્યાર્થીઓને **School Leaving Certificate** પ્રમાણે ઉપલા ધોરણમાં પ્રવેશ આપવા બાબત.
**સંદર્ભ-** શિક્ષણ વિભાગનો પત્રાંક : ED/MIS/e-file/3/2024/2289/CH, તા. ૦૮/૦૧/૨૦૨૫

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨-૨૦૦૯ અને તે હેઠળ રચાયેલ ગુજરાત આર.ટી.ઈ રૂલ્સ-૨૦૧૨ની જોગવાઈઓ અનુસાર સમગ્ર રાજ્યમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ૬ થી ૧૪ વર્ષના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. ઘણા કિસ્સાઓમાં અન્ય રાજ્યમાંથી સ્થળાંતરીત થઈને આવેલ વિદ્યાર્થીઓએ જે તે રાજ્યના પ્રવર્તમાન નોર્મ્સ મુજબ ધોરણ-૧ કે તેથી ઉપલા ધોરણોમાં પ્રવેશ મેળવેલ હોય છે. તથા, આવા વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્યનાં પ્રવર્તમાન આર.ટી.ઈ રૂલ્સ-૨૦૧૨ને આધિન નિયત થયેલ વયમર્યાદા આધારીત પ્રવેશની જોગવાઈ મુજબ પ્રવેશ મેળવવામાં જે તે ધોરણમાં અભ્યાસનું પુનરાવર્તન કરવાની પરિસ્થિતિ ઉભી થાય છે. જિલ્લા કચેરી તથા અરજદારશ્રીઓ પાસેથી મળેલ આ બાબતની રજુઆતો ને ધ્યાને લઈ શિક્ષણ વિભાગનું માર્ગદર્શન મેળવવામાં આવેલ.

જે અન્વયે શિક્ષણ વિભાગ તથા કાયદા વિભાગના પરામર્શમાં સંદર્ભ દર્શિત પત્રથી મળેલ સુચના અન્વયે દરેક બાળકને શિક્ષણ મળી રહે તે માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર કટીબદ્ધ છે ત્યારે ઉકત વિગતે અન્ય રાજ્યમાંથી વિદ્યાર્થી ધોરણ -૧ કે તેનાથી ઉપરનું ધોરણ પૂર્ણ કરીને સ્થળાંતરીત થઈને તે પછીના ઉપરના ધોરણમાં પ્રવેશ માટે ગુજરાત રાજ્યમાં આવેલ શાળામાં પ્રવેશની માંગણી કરે ત્યારે તેને વિના વિલંબે સમયસર પ્રવેશ આપી શકાય તે માટે જિલ્લા કક્ષાએ એટલે કે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કક્ષાએથી પ્રવેશ અંગે નિર્ણય થાય તે વધુ ઉચિત રહેશે, આથી માન્ય રહે આવા આંતર રાજ્ય સ્થળાંતરીત કેસોમાં વિદ્યાર્થીને રાજ્યની શાળામાં પ્રવેશ આપવા બાબતેની કામગીરી માટે આપની કક્ષાએથી નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

**(૧) આંતર રાજ્ય સ્થળાંતરીત વિદ્યાર્થી ધોરણ -૧ કે તેનાથી ઉપરનું ધોરણ પૂર્ણ કરીને ગુજરાત રાજ્યની શાળામાં પ્રવેશ અંગે માંગણી કરે ત્યારે આ વિદ્યાર્થીએ ધોરણ-૧ માં પોતાના રાજ્યની શાળામાં બાળકના ધોરણ-૧ માં પ્રવેશ અંગેની ઉમર અંગેની જે જોગવાઈ નિયત થયેલ છે. તે મુજબ તેને ધોરણ -૧ કે તેનાથી ઉપરના ધોરણનો પ્રવેશ મેળવીને પૂર્ણ કરેલ છે કે કેમ? તે અંગેની ખરાઈ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/જિલ્લા શિક્ષણાધિકારી/શાસનાધિકારી કચેરીએ કરવાની રહેશે.અને ખરાઈ કર્યા બાદ યોગ્ય જણાયે સબંધિત શાળામાં ઉપલા ધોરણમાં જે તે વિદ્યાર્થીનો પ્રવેશ નિયત કરાવી તે અંગેની સમગ્ર શિક્ષા કચેરી સંચાલિત CTS-DISE પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરવા અંગે આનુસાંગિક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.**

**(૨)સબંધિત ખરાઈ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/જિલ્લા શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ આવા કેસોનો નિકાલ પોતાને રજુઆત/અરજી લેખિતમાં મળ્યેથી મહતમ દિન-૧૫ ની સમય-મર્યાદામાં આખરી નિર્ણય કરવાનો રહેશે. અને તે અંગેની જાણ સબંધિત શાળા તથા અરજદારશ્રીને કરવાની રહેશે.**

નોંધ પર મળેલ માન. નિયામકશ્રીનાં આદેશાનુસાર

બિડાણ: શિક્ષણ વિભાગનો તા. ૦૮/૦૧/૨૦૨૫ તથા તા. ૧૬/૦૭/૨૦૨૪નો પત્ર

(ડૉ. એમ.એન.પટેલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

- **નકલ રવાનાઃ- (જાણ તેમજ કાર્યવાહી સારૂ)**

-માન. સચિવશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર

- **નકલ રવાનાઃ- (જાણ સારૂ)**

-માન. ઉપ સચિવશ્રી , ચ-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Signature Not Verified
Signed by: M.N.Patel
Joint Director
Date: 2025.01.23

File No: DPE/RTE/e-file/105/2024/5776/RTE
Approved By: Director of Primary Education,DPE
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*